January 2019

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 13 ● Issue 03 / 143

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળ આયોજીત ''જીવન સૌરભ સમિતિ''ના નેજા હેઠળ શ્રી મણીલક્ષ્મી-ખંભાત તીર્થનો યાત્રા પ્રવાસ (તા. ૬ થી ૯ જાન્યુઆરી) સમાજના સિનિયર સિટીઝનો માટે સુખદ સંભારણું બની રહેશે. આ તીર્થે તા. ૭ જાન્યુઆરીના દિવસે મુમુક્ષુ દિશાબેન જેમની દીક્ષા તા. ૨૬ જાન્યુઆરીએ છે તેમનું શ્રી પાટણ જૈન મંડળ તરફથી સન્માન કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

પાટણ ઝવેરીવાડાના **શ્રી ભાઈલાલભાઈ લહેરચંદ શાહ** પરિવાર જે વર્ષોથી વડોદરા સ્થાયી થયેલ છે તેઓશ્રીએ સ્વયંસ્ફુરીત વડોદરા - **મણીલક્ષ્મી તીર્થ પધારેલ આપણા ૪૦૦ યાત્રાળુઓનું હલવાસન પાક તેમજ ભાખરવડીના પેકેટો આપી સાધર્મિક ભક્તિ કરી અભિવાદન કર્યું.** માદરે વતનના સાધર્મિક તેમને આંગણે યાત્રા કરવા પધાર્યાની એમની ખુશી અદ્વિતિય હતી. સંસ્થા અને સમાજ પ્રત્યેની લાગણી અને ભાવના બદલ હું **શ્રી ભાઈલાલભાઈ, શ્રીમતી ચંદ્રાબેન તેમજ પરિવારજનોનો અંતઃકરણથી આભાર માનું છું.**

**પાટણ પ્રિમિયર લીગની બીજી ટુર્નામેન્ટનો શુભારંભ રવિવારે, તા. ૧૩-૦૧-૨૦૧૯ પરેલ, સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ** પર દબદબાભેર થયેલ, સમાજના યુવા ખેલાડીઓ, સાત ટીમના ટીમ ઓનર્સ, મેચના સ્પોન્સરર્સ તેમજ પાર્ટનર્સ વિગેરે બહોળી સંખ્યામાં હાજર હતા. આ મેચોનું યુટ્યુબ દ્વારા જીવંત પ્રસારણ પણ કરાય છે. જેનો ક્રિકેટમાં રસ ધરાવતા સૌ કોઈ લાભ લઈ શકશે.

પાટણ જૈન મંડળની સેવા પ્રવૃત્તિમાં શિક્ષણને પ્રાધાન્ય આપીએ છે. વર્ષોના અનુભવે અહેસાસ કરાવ્યો છે કે સમાજનો યુવાવર્ગ બુદ્ધિજીવી હશે તો સમાજની સમૃદ્ધિ ઝડપી થશે, એટલે છેલ્લા કેટલાક વર્ષોથી આપણે શૈક્ષણિક પ્રવૃત્તિના ક્ષેત્રે સહાય કરી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિશેષ મદદ કરીએ છીએ. શતાબ્દી ઉજવણી વર્ષમાંજ **તા. ૧૬-૨-૨૦૧૯ના રોજ પાટણ ખાતે કોલેજોની નવી ઈમારતો અને કોલેજ કેમ્પસનો ઉદ્‌ઘાટન સમારંભ યોજેલ છે.** આજ દિવસે રાત્રે ખાસ પરવાનગી લઈને વર્લ્ડ હેરીટેજ **'રાણકીવાવ' ખાતે એક સુંદર સાંસ્કૃતિક સંગીત કાર્યક્રમનું તથા આકર્ષક લાઈટીંગનું પણ આયોજન છે. સૌ પટ્ટણીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.** શ્રી પાટણ જૈન મંડળની સેવા પ્રવૃત્તિઓની નોંધ લઈ પાટણ નગર પાલિકાએ પાટણના ફાટીપાળ દરવાજાથી સરસ્વતી નદી સુધીના માર્ગને **''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ''** નામ આપવાનું ઠરાવ્યું છે. સંસ્થાવતી હું પાટણ નાગરપાલિકાના સર્વે સભ્યોનો અંતઃકરણથી આભાર માનું છું.

શતાબ્દી ઉજવણી અવસરે સંસ્થાના પ્રાણવાયુ સમા દાતાઓનું માર્ગદર્શન મળી શકે તે હેતુથી સંસ્થાના હોદ્દેદારોની સાથે દાતાઓ તેમજ **સક્રિય સભ્યોની એક મિટિંગનું આયોજન ચવ્હાણ હોલ - મુંબઈ ખાતે તા. ૧૦-૦૨-૨૦૧૯ના રવિવારે સવારે યોજેલ છે.** આ મિટિંગમાં, આવનાર દશકમાં સંસ્થાએ સમાજ ઉન્નતિ માટે લેવા જોઈતા પ્રોજેક્ટો અને તેના અમલ માટેની કાર્યશૈલી બાબત સમાજના દાતાશ્રીઓનું માર્ગદર્શન લઈ ચર્ચા વિચારણા થશે. ચાલુ વર્ષના અંતમાં મુંબઈમાં શતાબ્દી ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ યોજવાનો છે, એ દિવસે સમાજના સર્વેને સામેલ કરી શકાય તેવા કાર્યક્રમો બાબત પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

---

**શ્રી પાટણ જૈન મંડળ**

કોમ્પ્યુટર જાણનાર ગ્રેજ્યુએટ ભાઈ-બહેનની મંડળના મુખ્ય કાર્યાલયમાં આવશ્યકતા છે. સંપૂર્ણ વિગતો સાથે અરજી કરો.
યોગ્ય પગાર તથા અન્ય લાભો મળશે.
૩૫ વર્ષથી ઉપરની ઉંમરના ભાઈ/બહેનોએ આ માટે અરજી કરવી.
**માનદ્‌મંત્રી - એડમિનિસ્ટ્રેશન, શ્રી પાટણ જૈન મંડળ,**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
**ફોન : 22811346 / 9167902267**

# હાર્દિક નિમંત્રણ

## પાટણ ખાતે એજ્યુકેશન સેન્ટર, કોલેજ ઈમારતો તથા સંસ્થાના અન્ય પ્રોજેકટોનું ઉદ્‌ઘાટન.



શ્રી પાટણ જૈન મંડળ જ્વલંત કારકીર્દિના ૧૦૬ વર્ષ પૂર્ણ કરી સતત કાર્યરત છે. આજી-માજી ટ્રસ્ટીગણ, સમર્પિત સક્ષમ કાર્યકરો તથા દાતા પરિવારોના વિશ્વાસથી સંસ્થાનો દીપ પ્રદિપ્ત રહ્યો છે. જ્ઞાન. દર્શન અને ચારિત્ર્યને વરેલ શ્રી પાટણ જૈન મંડળ સ્થાપનાથી આજ પર્યંત શૈક્ષણિક, મેડિકલ અને સમાજ ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓ મુંબઈ અને પાટણ ખાતે કરી રહેલ છે.

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત

- **શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર**
- **એસ.કે. કોલેજ ઓફ સાયન્સ**
- **પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ**
- **વસુમતી સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટસ**

### ઉદ્‌ઘાટન સમારોહ

**દિનાંક : તા. ૧૬-૨-૨૦૧૯, શનિવાર, મહા સુદ ૧૧**

**સમય : વિજય મુહૂર્તે, બપોરે ૧૨.૩૯ કલાકે**

**સ્થળ : બી.કે. સાલવી એજ્યુકેશન સેન્ટર, ફાટીપાળ દરવાજા બહાર, પાટણ.**

**આ પ્રસંગે પધારેલ આમંત્રિત મહેમાનો માટે બપોરના જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી રાખેલ છે.**

**રાત્રે રાણકીવાવ ખાતે આમંત્રિતો માટે સુંદર કર્ણપ્રિય સંગીત કાર્યક્રમનું પણ આયોજન છે.**

- પાટણ ખાતે મંડળના સો વર્ષના સંભારણા આપતી કેપ્સ્યુલની તકતીનું અનાવરણ
- એન. એસ. સુરમ્ય બાલવાટિકાના દાતાશ્રીની તકતીનુ અનાવરણ
- શ્રી ભો. દો. સા. વિદ્યાલય- સ્માર્ટ કલાસના દાતાશ્રીની તકતીનું અનાવરણ
- તા. ૧૬-૦૨-૨૦૧૯ના સાંજે પાટણની જગવિખ્યાત રાણકીવાવમાં સંગીત પ્રોગ્રામ તથા ભવ્ય લાઈટીંગ કરવામાં આવશે જેનો અદભુત નજારો સૌને જોવા મળશે. રાણકીવાવ ખાતે પધારેલ મહેમાનો માટે કોલેજના દાતાઓ તરફથી ડીનરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- ફાટીપાળ દરવાજાથી સરસ્વતી નદી તરફ જતાં માર્ગને ''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ'' નામકરણ.

**સંસ્થાની શતાબ્દી ઉજવણી વર્ષમાં આ ઐતિહાસિક પ્રસંગે સૌ પટણીઓને પાટણ ખાતે ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.**

**નિમંત્રક શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રી સ્થાનેથી...

# દ્વિ શતાબ્દી તરફ પ્રયાણ...

**સને ૧૯૧૨માં સ્થપાયેલ આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ સમાજ સેવાના ક્ષેત્રે સફળતાપૂર્વકની શતાબ્દીની સફર પૂર્ણ કરી. ૧૦૭માં વર્ષમાં પદાર્પણ કરે છે** જેની ભવ્ય ઉજવણી થશે જે જણાવતાં અત્યંત હર્ષ સાથે આનંદ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

મંડળની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં આજના જેવી આધુનિક સુવિધાઓ કે ભૌતિક ઉપલબ્ધિઓ ન હતી. શ્રી પાટણ જૈન મંડળ જેવી માતબર સંસ્થારૂપી ઈમારતના પાયાનું કાર્ય કરનાર પૂર્વજો અને ત્યારબાદ દૂરંદેશીઓના યોગદાનનું મહત્વ સ્વીકારી તેઓનું સ્મરણ કરતા આજે પણ આદર સાથે મસ્તક નમી જાય છે.

શ્રી પાટણ જૈન મંડળને એક સંસ્થા તરીકે ૧૦૬ વર્ષ જેટલા દીર્ઘકાળ પર્યંત ટકાવી રાખવામાં સમાજના અગ્રણીઓ, દાતાશ્રીઓ, દાતા પરિવારો અને સંનિષ્ઠ કાર્યકર્તાઓએ તેમજ કાર્યક્ષમ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા નિભાવી છે. તે કેમ વીસરી શકાય! વ્યક્તિ અને સમાજ, એ સમાજ રચનાના મહત્વના અંગ ગણાયા છે. શ્રી પાટણ જૈન મંડળના માધ્યમથી આ બન્ને અંગો સાથે કડીરૂપ બનવાનું આપણે સૌને સૌભાગ્ય સાંપડ્યું છે. જેના પરિણામે તેની **શતાબ્દી ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય તેવું નક્કી કરવામાં આવેલ છે,** જેમાં સમાજના બહોળા વર્ગનો સમાવેશ કરી શકાય તેવું આયોજન ગોઠવવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીના ભાગરૂપે આપણા સમાજનાં જરૂરિયાતમંદ પરિવારોને જીવન નિર્વાહમાં વધારાની આર્થિક સહાય આપવા, સંસ્થાએ **''સમાજ ઉત્કર્ષ ફંડ''** અને **''પાટણ શતાબ્દી ગૌરવ ફંડ''** યોજના શરૂ કરેલ, જેમાં સમાજનાં અનેક સખી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ દાન રૂપી ભંડોળમાંથી આ વર્ષે આર્થિક, ભાડા, મહિલા ઉત્કર્ષ, વૃદ્ધજન, વિધવા સહાય અને દિવ્યાંગ ઉત્કર્ષ વિગેરેમાં સહાય મેળવતાં જરૂરિયાતવાળા લગભગ ૩૦૦ કુટુંબોને દર વર્ષે અપાતી સહાય ઉપરાંત ખાસ વધારાની રકમ સંસ્થા દ્વારા તેમની આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને અપાય છે.

પાટણના મૂળ જૈન સમાજનો મોટો ભાગ આજે મુંબઈ તેમજ અન્ય સ્થળોએ વસવાટ કરતો હોવા છતાં પાટણની પવિત્રધરાની ગરિમાને ઉજ્જવળ કરતી તેની પ્લેગ્રુપથી લઈ પોસ્ટ ગ્રેજ્યુએશન (કોલેજ) પર્યન્તનું શિક્ષણ પુરુ પાડતી શૈક્ષણિક સંસ્થાઓ તથા ધાર્મિક શિક્ષણ પ્રદાન કરતી **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ** જેવી પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિક વિકાસમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. **શતાબ્દી ઉજવણી વર્ષમાં તા. ૧૬-૦૨-૨૦૧૯ના દિવસે વિજય મુહુર્તમાં સંસ્થા પાટણમાં સખીદાતાઓના સથવારે કોલેજ સંકુલ તેમજ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજની ઈમારતોનું ઉદ્‌ઘાટન કરી રહી છે એ પણ એક સુખદ સંયોગ છે.**

પાટણનો જૈન સમાજ છેલ્લા દાયકામાં શૈક્ષણિક, આર્થિક તેમજ સામાજીક ક્ષેત્રે સમૃદ્ધ થયો છે, જેનું મહદ્‌અંશે શ્રેય સમાજની એકમાત્ર ૧૦૬ વર્ષથી અડીખમ રહેલ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળની અનેકવિધ સામાજીક, શૈક્ષણિક અને સાર્વજનિક પ્રવૃત્તિઓને આધીન છે. આપણી માતૃસંસ્થા કાર્યક્ષમતાથી અવિરત સમાજ ઉપયોગી કાર્યો કરતી રહે તે માટે ભવિષ્યના દશક માટેનો રોડ મેપ બનાવવા વિચારોના આદાન પ્રદાન કરવા સમાજના દાતાઓ સાથે એક મિટિંગનું આયોજન **રવિવાર, તા. ૧૦-૦૨-૨૦૧૯ના રોજ યોજેલ છે, જેમાં શતાબ્દી ઊજવણી અવસરે યોજાનાર કાર્યક્રમની રૂપરેખાની પણ છણાવટ કરવામાં આવશે.**

ઉપર્યુક્ત પરિપેક્ષમાં સમાજના દાતા પરિવારો, સંસ્થાના હોદ્દેદારો અને સક્રીય કાર્યોકરોની સમાજના ભાવિસ્વપ્ના સાકાર કરવા મળનાર મિટિંગ મહત્વની બની રહેશે.

**૧૦૭માં વર્ષને શતાબ્દીની ઉજવણી વર્ષ** માટે આપણે સૌ ભેગા મળીએ તે પ્રસંગે સમાજના સૌ સસ્મિત આનંદ સાથે મળે અને આવનાર શતક સંઘબળના સંકલ્પ અને સહકાર સાથે વધુ ઉજ્જવળ બનાવવા સૌ કટિબદ્ધ થઈએ તેજ અપેક્ષા.

❑ **સંપાદક સમિતિ**


ડિસેમ્બર-૨૦૧૮, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**
**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**
આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | | | |
|---|---|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | ૨,૧૦,૦૦૧ | શ્રી ફોર્ટ તપાગચ્છ મુ.પુ. જૈન સંઘ (મુંબઈ - ફોર્ટ) | ૧૭,૦૦૦ |
| Shri St. S.M.D. Trust (પોળની શેરી) | ૧,૨૫,૦૦૦ | હ. નટુભાઈ મોદી | |
| શ્રી વિલેપાર્લા શ્વે. મુ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ (પાર્લા-વે) | ૩૫,૦૦૦ | શ્રી શાંતિ સુધાપાર્ક, ઘાટકોપર (ઈ) | ૧૫,૦૦૦ |
| Suprim Micronizing MFG P. Ltd. (Fort) | ૩૫,૦૦૦ | શ્રી નરેશચંદ્ર મણીલાલ ઝવેરી (ફોફલિયા વાડો) | ૧૨,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ | શ્રી વાડીલાલ સારાભાઈ દેરાવાસી ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી વિરમતીબેન નવીનચંદ્ર જેસંગલાલ શાહ | ૨૫,૦૦૦ | M/s. Vipul Tools Center | ૧૧,૦૦૦ |
| હ. શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ | | શ્રી અમીતભાઈ સી. શાહ | ૧૧,૦૦૦ |
| J.K. Foundation | ૨૧,૦૦૦ | ડૉ. કલ્પનાબેન ડી. સાહ (અંધેરી - વેસ્ટ) | ૧૧,૦૦૦ |
| શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ શ્વે.મુ.જૈન સંઘ (વાલકેશ્વર) | ૨૧,૦૦૦ | શ્રી અતુલભાઈ વીનુભાઈ શાહ - મુંબઈ | ૧૧,૦૦૦ |
| શ્રી સરોજબેન રજનીકાંતભાઈ કેશવલાલ (તારદેવ) | ૨૧,૦૦૦ | શ્રી કાંદિવલી જૈન શ્વે. મુ. સંઘ (કાંદિવલી-વેસ્ટ) | ૧૦,૦૦૦ |
| શ્રી શકરીબેન શનીલાલ શાહ (ખંભાત) | ૨૧,૦૦૦ | શ્રી ભેરૂમલ કનૈયાલાલ કોઠારી રીલીજીયસ ટ્રસ્ટ - મુંબઈ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

## સંજીવની સમુ પ્રોત્સાહન :

''તમો સાંભળો છો જુઓ આપણો મનન ટેસ્ટમાં નાપાસ થયો જરા પણ ભણતો નથી. આખો દિવસ રમ્યા કરે છે. ટીવી જુએ છે અને મોબાઈલમાં ગેમ રમે છે. પરીક્ષા નજીક છે તેથી ટ્યુશન પણ કોઈ નહીં લે. આ વખતે જરૂર તેનું વર્ષ બગડશે.''

છાપામાંથી મોઢું બહાર કાઢી સુરેશભાઈ બોલ્યા ''એના દેખતા આવું બોલી તેને નિરાશ ન કર, હવેથી હું તેને ભણાવીશ.'' તે ભણાવતા ઓછું પણ વારંવાર પ્રેમથી પ્રોત્સાહન આપી કહેતા બેટા તે તો કમાલ કરી તારામાં અગણિત શક્તિ અને ધગશ છે. આટલી ઓછી મહેનત કરી છતાં પણ તને આટલું બધુ આવડી ગયું. થોડીક વધારે મહેનત કરીશ તો તું ખરેખર નામ ઉજાળીશ.

ખરેખર તારી પ્રગતિ ખૂબ જ સુંદર કહેવાય અને જરૂરથી આ વખતે તું પ્રથમ નંબરે પાસ થઈશ મારે તો તને પ્રાઈઝ આપવું પડશે. નક્કી કરી રાખજે શું આપું. ભુલતો નહીં.

પપ્પાના આવા અવારનવાર પ્રોત્સાહિત અને પ્રેરણાત્મક વાક્યો સાંભળી મનનને થઈ ગયું કે હું પણ હોંશિયાર છું અને તનતોડ મહેનત કરી સારા માર્ક લાવી બતાવી આપું કે ''હમભી કુછ કમ નહીં.'' પ્રોત્સાહન આગળ આકાશની ઊંચાઈ અને વિશાળતા પણ ઓછા પડે. પ્રોત્સાહનથી અભિગમ બદલાય છે અને અભિગમ પરિસ્થિતિને બદલી નાખે છે.

રવિવારના મધ્યાહનના ઝગમગતા સુરજના અસ્ત પામવાના સમયે નયન દરિયાવ દિલના કાકા-કાકીને મળવા આવ્યો.

''કેમ છો કાકા, આનંદમાં.''

''આવ બેટા નયન બેસ, ઘણાં દિવસ પછી આવ્યો. બધુ બરોબર છે ને કોઈ તકલીફ નથી?''

''ના કાકા, બસ આળશ.'' તમો બધાજ આનંદમાં.

''કાકી એક વાત પૂછું આજે ઘરમાં ખૂબજ ફેરફાર લાગે છે. તમો તો હંમેશા સાવ સાદુ જ ઘર રાખવાવાળા એના બદલે ખૂરશી - સોફા ઉપર ભરેલા કવર, ડાઈનીંગ ટેબલ ઉપર ફુલો અને ભીતો ઉપર ભરેલી તેમજ હેન્ડ પેઈન્ટીંગ કરેલી ફોટા ફ્રેમ.''

''બેટા નયન આ બધી કરામત છે તારી બન્ને ભાભીની. બન્ને ભાભી ઘરમાં આવતા જ આખાય ઘરની રોનક બદલાઈ ગઈ છે. એક દીકરી મા-બાપનું ધ્યાન રાખે તેનાથી અધિક ધ્યાન આ બન્ને ભણેલી ગણેલી આજના જમાનાની મોર્ડન મારી બન્ને વહુઓ અમારું ધ્યાન રાખે છે. એટલું જ નહીં જરાપણ બગાડ કર્યા વગર ઘરમાં રસોઈ બનાવે છે. આજે તો બેટા તું તેઓના હાથની બનાવેલી મેક્સીકન ડીસ ખાઈને જ જજે. જરૂર તું મોમાં આંગળા નાખી દઈશ. તેમજ કોઈપણ જાતના ટ્યુશન વગર બન્ને લાડકા દીકરા-દીકરીને બધુ જ શીખવાડે છે અને નવરાશના સમયમાં કોમ્પ્યુટર પર ઓફિસનું બધું જ કામ કરે છે.''

આ સાંભળી બન્ને ભાભીઓના હૃદયમાં અનોખી લાગણી અને જોશમાં ઉત્સાહથી છાતી ગજગજ ફુલી ગઈ. પ્રોત્સાહનમાં અદ્‌ભુત બળ છે. તે શક્તિશાળી અને ક્રિયાશીલ છે અને અનોખું ઉત્તેજન આપે છે. પ્રમુખશ્રીએ સુરેશને કહ્યું ૧લી એપ્રિલના નવા વર્ષથી ગ્રુપના દરેક કાર્યક્રમનું સંચાલન, માઈક અને મંચ તમારે એકલાએ જ સંભાળવાના છે. આમ પડદા પાછળ રહી કામ નથી કરવાનું તમને લખતા અને બોલતા પણ સરસ આવડે છે. ભાવી પ્રમુખપદનો કળશ તમારા ઉપર છે એમ બોર્ડમાં નક્કી થયું છે.

આ સાંભળી સુરેશને ગ્રુપ પ્રત્યે માન અને કંઈક નવીનતમ કરી ગ્રુપને આગળ વધારવાનો ઉત્સાહ આવી ગયો. માનવીના અંતરમાં દીવો હોય છે તેને ટોપલા નીચે ઢાંકી રાખવાને બદલે આગળ કરવામાં આવે તો સર્વત્ર પ્રકાશ ફેલાય છે. પ્રોત્સાહન કલદાર રૂપિયા જેવું બની માનવીની છૂપાયેલી શક્તિને બહાર ખેંચી લાવી જડને ચેતન બનાવે છે. પ્રોત્સાહનના શબ્દો માનવીની જિંદગીમાં ચમત્કાર સર્જી શકે છે ઉત્સાહથી બોલાયેલા વખાણના બોલ જીવન જીવવા અને ભવ્ય કાર્ય કરવા સહારો પૂરો પાડે છે.

''જેમ ગઝલની જરૂર મહેફિલમાં હોય છે.
તેમ પ્રોત્સાહનની જરૂર માનવીના દીલને હોય છે.''

''પ્રોત્સાહનના થોડા શબ્દો, હતાશ માટે આશા અને નાસીપાસ માટે પ્રેરણારૂપ બની તેમની જિંદગીમાં સંજીવનીનું કાર્ય કરી સફળતા અપાવે છે.''

❑ **શ્રી સુરેશ સુરજમલ ચોધરી**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**
ADVT

# શ્રી મણીલક્ષ્મી-ખંભાત યાત્રા પ્રવાસ અહેવાલ



**શ્રી મણીલક્ષ્મી -ખંભાત તીર્થ યાત્રાના દાતાશ્રીઓ**

શ્રીમતી જયશ્રીબેન અને શ્રી નરેશભાઈ — શ્રીમતી કીન્નરીબેન અને શ્રી દિપકભાઈ — શ્રીમતી કલ્પનાબેન અને શ્રી વિરેન્દ્રભાઈ

**''પગે કરવો તે પ્રવાસ અને હૃદયથી થાય તે યાત્રા''** આ ઉક્તિને ન્યાય આપતા શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ તરફથી ઓગસ્ટ માસના પાટણ પ્રતિબિંબમાં સામાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બીજનો માટે **મણીલક્ષ્મી-ખંભાત યાત્રાની** જાહેરાત થઈ તેના પ્રચંડ પ્રતિસાદના કારણે અરજી દાખલ કરવાની અંતિમ **તા. ૧૮-૮-૨૦૧૮ હતી તે પહેલા જ તા. ૧૩-૮-૨૦૧૮ના** રજિસ્ટ્રેશન કરાવવાનું બંધ કરવું પડ્યું અને ત્યારબાદના આગંતુકોને થોભો અને રાહ જુઓની યાદીમાં સમાવેશ કરવો પડ્યો.

લગભગ ૪૨૫ જેટલા યાત્રાળુઓનો સમાવેશ કરી શકાશે કે નહીં તેની ચકાસણી કરવા માત્ર આઠ દિવસમાં જ મણીલક્ષ્મી ખાતે પાયલોટ ટ્રીપનું આયોજન ગોઠવાયું. ત્યાંની વ્યવસ્થાઓ અંગે ત્યાંના વ્યવસ્થાપકો સાથે બૃહદ ચર્ચાઓના અંતે લગભગ ૩૨૫થી વધુ યાત્રિકોનો સમાવેશ કરવો શક્ય ના બન્યો અને દુઃખ સાથે જેઓની પાછળથી થોભો અને રાહ જુઓની યાદીમાં સમાવેશ હતો. તેમને અરજીના અસ્વીકાર કરતો પત્ર પાઠવવામાં આવ્યો.

મુંબઈ ખાતે વસતા તીર્થ નિર્માણ દાતાઓ સાથે સઘન ચર્ચાઓ કરી જેમાં સકારાત્મક પ્રતિસાદ મળતાજ વધુ યાત્રાળુઓના ઉતારા બાબતે રાહતનો શ્વાસ લેવામાં આવ્યો. યાત્રાળુઓની ઉતારા તથા જમવાની વ્યવસ્થા પુરી પાડી શકાય તેવી વાતચીતો દરમ્યાન રેલ્વેમાં તો સૌને માટે નીચેની બર્થ ફાળવવી અશક્ય હતી પરંતુ મણીલક્ષ્મીમાં સૌ વડિલોને પલંગની સુવિધા પૂરી પાડવી તેમ નક્કી કર્યું અને તે અર્થે વ્યવસ્થા પૂરી પાડી.

જેમ જેમ દિવસ નજદિક આવતા ગયા તેમ તેમ કેટલાંક યાત્રાળુઓએ સંજોગોવશાત પ્રવાસમાં આવવાનું મોકુફ રાખતાં રદ કરાયેલ યાત્રાળુઓનો સંપર્ક સાધી તેઓને યાત્રામાં જોડાવવા ફોન કરવામાં આવતા તેઓ જોડાવવા સંમત થયા અને જોત જોતામાં આવી પણ ગઈ પ્રવાસની તા. ૬-૧-૨૦૧૯.

આ દિવસે સંસ્થા અને સંચાલકોની વિનંતી સ્વીકારી મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનેથી જ પ્રવાસ કરવાનું દરેકે માન્ય રાખ્યું. અને બરાબર રાતના ૧૧.૪૨ કલાકે વડોદરા એક્ષપ્રેસમાં યાત્રાનો શુભારંભ થયો. જે સવારે ૬.૧૦ કલાકે વડોદરા મુકામે પહોંચ્યો જ્યાં સૌએ તેઓની નિયત કરેલ બસોમાં સ્થાન મેળવ્યા અને પહોંચ્યા સવારે ૮.૧૫ કલાકે પ્રથમ પડાવ મણીલક્ષ્મી. અહીં સૌ યાત્રિકોનું ઢોલ-ત્રાસા વગાડી અને રંગબેરંગી રંગોળી કરાવી સ્વાગત થયું હતું. સૌએ નવકારશીને ન્યાય આપ્યો અને ત્યારબાદ પહોંચ્યા સૌ એ-બી-સી. વીંગની ધર્મશાળા તેમજ કુટીરમાં પોતપોતાના પડાવે.

સવારે ૧૦-૧૫ કલાકે જિનાલય ખાતે સામુહિક સ્નાત્ર મહોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમા સહભાગી થયા, તેમજ મૂળનાયક મુનિસુવ્રત સ્વામી તથા અન્ય જિનબિંબોની સ્પર્શના કરતાં સૌએ દર્શન - વંદન પૂજાનો લાભ લીધો.



**શ્રી મણીલક્ષ્મી -ખંભાત તીર્થ યાત્રાના દાતાશ્રીઓ**

શ્રીમતી નયનાબેન અને શ્રી દિનેશભાઈ — શ્રીમતી ચારુબેન અને શ્રી તુષારભાઈ



ધાર્મિક હાઉઝી રમતા યાત્રિકો

બપોરના ભોજનને ન્યાય આપી પોતાને ઉતારે સૌએ થોડોક વિશ્રામ લઈ બપોરે ૩.૦૦ કલાકે ડોમમાં પુનઃ એકઠા થયા જ્યાં પ્રથમ ધાર્મિક હાઉસી રમાડવામાં આવેલ તથા વિજેતાઓને વિવિધ ધાર્મિક ઉપકરણો ઉપહારમાં આપવામાં આવેલ.

આ પ્રસંગે તંબોલીવાડાના (વડોદરા) **શ્રીમતી ભાવનાબેન તથા શ્રી દિલીપભાઈ સોભાગચંદ શાહની** સુપુત્રી **ચિ. દિશા પ્રવજ્યા અંગિકાર** કરવા જઈ રહેલ છે તેના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ. **(જેનો અહેવાલ પાના નં. ૭ ઉપર છે.)**

સંધ્યા ટાણે સમગ્ર પરિસર રંગબેરંગી રોશનીથી ઝગમગાટથી શોભાયમાન બની ગયેલ તેમજ વિવિધ સંગીતસભર પાણીના ફુવારાઓ તેની સુંદરતામાં અનેકગણો વધારો કરી રહ્યા હતા. આ સમગ્ર નજારાને નિરખતા જાણે સ્વર્ગ ધરા ઉપર અવતર્યુ હોય તેવો અહેસાસ થઈ રહેલ, જેને સૌએ મનભરીને માણ્યો અને સેલ્ફી કે કેમેરામાં કેદ કરી લીધા.

રાત્રે ૮.૦૦ કલાકે પુનઃ ડોમમાં **''પાહીણીદેવી'' એકાંકી નાટિકાની** રજુઆત માણવા સૌ એકત્રિત થયા હતા, જેની અદભૂત રજુઆત શ્રીમતી અર્ચનાબેન જોહનીભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ. તેમના એકાંકી દરમ્યાન તેઓ સંપૂર્ણ પાત્રમાં ગરકાવ થઈ દરેક મુદ્દાઓને પૂર્ણ ન્યાય આપી મણીલક્ષ્મી ખાતે પુનઃ પાહીણીદેવી તથા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મ.સા.ને જીવંત બનાવી દીધેલ જેને ઉપસ્થિત પાટણના સર્વે યાત્રાળુઓએ એક ધ્યાને સાંભળી, માણી અને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ.

ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ ત્યારબાદ જીવન સૌરભ સમિતિના માનદમંત્રી **શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ** દ્વારા સમિતિના કાર્યોની ટૂંકમાં માહિતી આપવામાં આવેલ.

**ત્યારબાદ યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓના અભિવાદન સમારોહનું પણ આ સ્થળે જ આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ભાભાના પાડાના શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ, ડંક મહેતાના પાડાના શ્રી દિપકભાઈ મફતલાલ શાહ પરિવાર, સિદ્ધચક્રની પોળના શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર, મલ્લાતના પાડાના શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તથા ઢંઢેરવાડાના શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહનું મંડળના હોદ્દેદારો તથા જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રીઓ દ્વારા મોતીની માળા પહેરાવી, શાલ ઓઢાડી તથા રજત મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ.** આ કાર્યક્રમનું સંચાલન **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ આ પ્રસંગે પધારેલ લગભગ ૪૦૦ જેટલા યાત્રાળુઓ વડોદરા ખાતે ઉપસ્થિત રહ્યા તેમને સત્કારવા પાટણ ઝવેરી વાડાના **શ્રી ભાઈલાલભાઈ લહેરચંદ શાહ** પરિવાર દ્વારા ખાસ દેખરેખ રાખી બનાવડાવેલ ભાખરવડી, હલવાસન પાક તથા હલવાસનનું વિતરણ કરી સાધર્મિક ભક્તિનું ઉત્તમ દ્રષ્ટાંત પુરુ પાડવામાં આવેલ. શ્રી ભાઈલાલભાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.



શ્રી ભાઈલાલભાઈ

અભિવાદન સમારોહ પશ્ચાત યાત્રા પ્રવાસના પાંચેય દાતાઓ



રાત્રી કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત યાત્રિકગણ



એકાંકી નાટક ''પાહીણીદેવી'' ભજવતા કલાકાર અર્ચનાબેન અને દર્શકગણ

તરફથી રૂા. ૨૫૦/- શ્રી પાટણ જૈન મંડળ તરફથી રૂા. ૫૦/- તથા યાત્રાળુઓ તરફથી પ્રાપ્ત થયેલ વિવિધ રકમોમાંથી રૂા. ૨૨૦/- મળી **કુલ રૂા. ૫૨૦/-નું સંઘપુજન કરવામાં આવેલ.**

તા. ૮-૧-૨૦૧૯ના સવારે પ્રથમ નવકારશીને ન્યાય આપી સવારે ૯.૩૦ કલાકે સૌએ પ્રયાણ કર્યું ખંભાત તીર્થ તરફ, જ્યાં પહોંચી કેટલાંક યાત્રાળુઓ દ્વારા રીક્ષાના માધ્યમે તો કેટલાંકે પદયાત્રી બનીને ૧૦૮ પાર્શ્વનાથમાંના એક એવા શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનના જિનાલય, પાલીતાણા ખાતે બિરાજમાન શ્રી આદેશ્વર ભગવાનનું જે સંગેમરમરથી નિર્માણ થયું હતું તેજ સંગેમરમરથી કંડારવામાં આવેલ અને માત્ર ચાર ઈંચ મોટા એવા શ્રી આદેશ્વરદાદા જે લગભગ ૪૯૦થી અધિક વર્ષથી અહીં ભોંયરામાં બિરાજમાન છે, જીરાવલા મહોલ્લામાં બિરાજમાન શ્રી નેમીનાથદાદાને બે નાસિકાઓ છે તેવા તેમજ અન્ય પ્રાચીન જિનાલયોમાં પુજા-દર્શન-વંદન કરી ધન્ય બન્યા.

ત્યારબાદ ખંભાત ખાતે જ રાખવામાં આવેલ ભોજનને સૌએ ન્યાય આપી જે બસમાં આવેલ તેમાં પરત મણીલક્ષ્મી મુકામે પહોંચ્યા.

સાંજે ચોવીહારને ન્યાય આપી દાદાનો આભારમાની સાંજે ૭.૧૫ કલાકે પુનઃ બસમાં વડોદરા સ્ટેશન જવા રવાના થયા અને રાત્રે ૧૦.૩૦ વાગે છુટેલ વડોદરા એક્સપ્રેસમાં મુંબઈ તરફ પ્રયાણ કર્યું. વહેલી સવારે બોરીવલી આવતી ટ્રેનમાંથી આપણા વયસ્ક યાત્રીઓને ઘરે જવા તકલીફ ન પડે તે માટે બોરીવલી સ્ટેશનથી ભાયંદર અને સાંતાક્રુઝ સુધી યાત્રાળુઓની સુવિધાર્થે ત્રણ બસોની વ્યવસ્થા રાખવામાં આવેલ જેનો લાભ લઈ સૌ પોતપોતાના ઘરે પહોંચ્યા.

યાત્રામાં જોડાયેલ યાત્રાળુઓની અરજી ફોર્મમાની વિગતોની ઝિણવટથી ચકાસણી, ઉતારા, બસ તથા રેલ્વે ટિકિટ વગેરેનું આયોજનબદ્ધ કાર્યવાહી કરનાર સંસ્થાનાં મેનેજર **શ્રી મનુભાઈ જોશીનો** બહોળો અનુભવ આ આયોજનમાં ઘણો ઉપયોગી રહ્યો. તેમજ તેમને સહાયક થનાર કર્મચારીઓ **શ્રી જ્ઞાનેશભાઈ, શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી પીયુષભાઈ** તથા અન્ય કર્મચારીગણની સેવાઓને પણ અંતઃકરણપૂર્વક બિરદાવવામાં આવે છે.

કાર્યક્રમની સફળતાના યશના અધિકારીઓ એવા ઉપપ્રમુખ શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ તથા માનદ્‌મંત્રી(એડમિનિસ્ટ્રેશન) શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહના વડપણ હેઠળ **માનદ્‌મંત્રીઓ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ, શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ તથા શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા** દ્વારા અવારનાવાર મીટીંગો યોજી આયોજનની સુચારું વ્યવસ્થા માટે સખત પરિશ્રમ લેવામાં આવેલ.

કોઈપણ આયોજનની સફળતામાં સંચાલકોની સાથે સહકાર્યકરો તેમજ કર્મચારીઓનો સાથ-સહકાર મહત્વના હોય છે. ટ્રેનમાં બોગી સંભાળવા, બસમાં લાવવા લઈ જવા તથા ઉતારા તેમજ ભોજનશાળાના તમામ કાર્યોમાં જીવન સૌરભ સમિતિના કાર્યકરો **શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ, શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ, શ્રી હરીશભાઈ મફતલાલ ચોક્સી, શ્રી જયેશભાઈ કુમારપાલ**

(વધુ માટે જુઓ પાના નં. ૮)



જીવન સૌરભ સમિતિના સક્રીય કાર્યકરો તથા સંસ્થાના સંનિષ્ઠ કર્મચારીઓ

# મુમુક્ષુ દિશાનું બહુમાન







મુમુક્ષુ ચિ દિશાબહેન     પ્રશસ્તિપત્ર અર્પણ કરતાં શ્રીમતી કલ્પાનાબેન વિરેન્દ્રભાઈ તથા શ્રીમતી નયનાબેન દિનેશભાઈ     સાધ્વી દિવ્યશુદ્ધિશ્રીજી

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સોમવાર, તા. ૭-૧-૨૦૧૯ના જીવન સૌરભ સમિતિ દ્વારા યોજાયેલ મણીલક્ષ્મી તીર્થ યાત્રાપ્રવાસ દરમ્યાન બપોરે ૩.૩૦ કલાકે તંબોલીવાડાના (હાલ વડોદરા) શ્રીમતી ભાવનાબેન તથા **શ્રી દિલીપભાઈ સોભાગચંદ શાહની સુપુત્રી ચિ. દિશા પ્રવજ્યા અંગિકાર કરવા જઈ રહેલ છે** તેના અભિવાદન સમારોહનું આયોજન કરાયેલ.




આ પ્રસંગે શ્રીમતી કલ્પનાબેન શાહ દ્વારા દિશા બહેનને માળા પહેરાવી તથા તિલક કરવામાં આવેલ, તેમજ પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના** વરદ હસ્તે પ્રશસ્તિપત્ર પ્રદાન કરવામાં આવેલ.

આ પ્રસંગે સૌ પ્રથમ **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ** તથા ત્યારબાદ સંસ્થાના કર્મચારી **શ્રી જ્ઞાનેશભાઈ દ્વારા** મુમુક્ષુની શબ્દોના સથવારે અનુમોદના કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુમુક્ષુ શ્રી દિશાબહેને તેઓશ્રીને દિક્ષા માટેનો ભાવ કઈ રીતે જાગ્યો તેની રજુઆત કરતું પ્રવચન આપ્યું, ત્યારે તેમની આંખમાં અમૃત હતું, મુખ ઉપર ચંદ્રની સૌમ્યતા હતી, હોઠ ઉપર ઉષાનું નિર્મળ સ્મિત હતું અને શરીર ઉપર સંયમની છાયા હતી. તેમના હૃદયસ્પર્શી વક્તવ્યએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા.

ઉપપ્રમુખ **શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ** દ્વારા દિક્ષાર્થી પરિવાર વતી મુમુક્ષુ અભિવાદનના આયોજન બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ તેમજ તા. ૨૬-૧-૨૦૧૯ના વડારીયા સિંહણ ખાતે યોજાયેલ પ્રવજ્યા અંગીકારમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપવામાં આવેલ. મુમુક્ષુના પ્રશસ્તિપત્રનું વાંચન **શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ** તથા કાર્યક્રમનું સંચાલન રસપ્રદ શૈલીમાં સિનિયર એડવાઈઝર **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા કરાયેલ.

નોંધઃ પ.પૂ. આ. ભગવંત હેમપ્રભસુરિશ્વરજી મ.સા. આદિ ગુરુગણ તથા **જીવન સમર્પિતા પ.પૂ.શ્રી કલાપૂર્ણ મ.સા.ના સમુદાયના પ.પૂ. સા. દિવ્યજ્ઞાશ્રીજી મ.સા.ના વરદ હસ્તે ચિ. દિશાનું દિક્ષા અંગીકાર** બાદ **સાધ્વી દિવ્યશુદ્ધિશ્રીજી** નામકરણ કરવામાં આવેલ છે.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

(અનુસંધાન પાના નં. ૭ થી ચાલુ)

**શાહ, શ્રી મયુરભાઈ સુરેશભાઈ જૈન, શ્રી મીલનભાઈ વિપીનચંદ્ર શાહ, શ્રી નિતિનભાઈ રમણલાલ પટણી, શ્રીમતી પ્રાપ્તિબેન આશિતભાઈ શાહ, શ્રીમતી સ્નેહાબેન વિપુલભાઈ ઝવેરી, શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ શાહ, શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ, શ્રી વિજયભાઈ જશુભાઈ શાહ દ્વારા કરાયેલ નિષ્ઠાપુર્વકના પરિશ્રમ બદલ તેઓ સર્વે પણ અભિનંદનના અધિકારી છે.**

મણીલક્ષ્મી તીર્થ નિર્માણ પરિવારના **શ્રી દિનેશભાઈ, ટ્રસ્ટીગણ, મેનેજર શ્રી નિકુંજભાઈ તથા કર્મચારીઓની યાત્રાળુઓ પ્રત્યેની સકારાત્મક ભાવનાએ** આ યાત્રા પ્રવાસને સફળ અને યાદગાર બનાવવા મહત્વનો ભાગ ભજવ્યો છે જે માટે શ્રી પાટણ જૈન મંડળના સંચાલકો તેમનો અંતઃકરણથી આભાર વ્યક્ત કરે છે.



યાત્રા પ્રવાસના શિલ્પીઓ
શ્રી શૈલેષભાઈ, શ્રી જયેશભાઈ તથા શ્રી હિતેનભાઈ

**યાત્રા પ્રવાસના વધુ ફોટા માટે જુઓ patanmandal.org**

## સંસ્થા સમાચાર

**❑ શ્રી ભાભા પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠાની ૫૦૦ વર્ષની ભવ્ય ઉજવણી – ભાભાનો પાડો**

ભાભાના પાડા મધ્યે શ્રી ભાભા પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠાની ૫૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે ૨૩ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન પંચ્હાનીકા મહોત્સવ વિમલગચ્છાધિપતી પ.પૂ.આ.શ્રી પ્રદ્યુમ્ન વિમલ સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં દબદબા પૂર્વક યોજાયો હતો.

પંચ્હાનીકા મહોત્સવે ચૈત્યપરિપાટી, વિવિધ પૂજનો, ભવ્ય રથયાત્રા તેમજ કાર્નીવલ ગેમ, ફોટો હંટ જેવા અવનવા કાર્યક્રમની સાથે રાત્રે રાસ-ગરબા ટેલેન્ટ પરેડ, સુગમ સંગીત તથા વિશેષ આયોજન શ્રી ભક્તામર મંદિરની રચના તેમજ પાટણના જૈનોને લાભ મળે તે માટે ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના જાપ ૫ દિવસ રાખવામાં આવેલા. મહોત્સવના છેલ્લા દિવસે સમગ્ર પાટણના જૈનોની નવકારશી રાખવામાં આવી હતી, તેમજ રાત્રિ ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું.

પ્રભુજીની ૫૦૦ વર્ષની ઉજવણીની યાદગીરી રૂપે જૈન ધર્મનો સંદેશ 'જીવ માત્રનું કલ્યાણ કરો'ને અનુસરી ધાર્મિક, સામાજિક, સંસ્થાઓ, સ્કુલો, અનાથાઆશ્રમ, પાંજરાપોળ સહીતની ૧૪ સંસ્થાઓમાં લગભગ ૧૨ લાખ જેટલી રકમની સખાવતો સમર્પિત કરાઈ હતી. આ ઉપરાંત પંડીતો, ધાર્મિક શિક્ષકો, પુજારીઓ વિગેરેનું સન્માન તેમજ સાધર્મિક તથા જૈનેતરોને આર્થિક સહાય અપાઈ હતી. મહોલ્લાના સૌ પરિવારોએ ખૂબજ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

**❑ શ્રી ચૌધરીની શેરીજનોએ તા. ૨૨-૧૨-૨૦૧૮થી ૨૬-૧૨-૨૦૧૮ સુધી ખૂબજ ભક્તિભાવથી મહોત્સવની ઉજવણી –** ખરા અર્થમાં 'મિલનોત્સવ' પુરવાર થઈ.

મહોત્સવ દરમ્યાન ભાગદોડથી દૂર રહી શેરીમાં શ્રી નેમિનાથ દાદાના દહેરાસરમાં અઢાર અભિષેક, શાંતિ સ્નાત્ર અને રથયાત્રામાં જોડાઈ શાંતિ વર્તવા પ્રાર્થના કરી હતી. ઉચ્ચારણોથી અનુષ્ઠાનોમાં પ્રાણ પૂરેલા, તો સોહામણા દાદા જોડે સૌને ભક્તિમાં જકડી રાખ્યા હતા. રથયાત્રામાં મુનિશ્રી આરંગવિજયજી અને સુમતિચંદ્ર વિજયજી અને ચતુર્વિધ સંઘ શોભાયાત્રામાં છેવટ સુધી હાજરી આપેલી. શેરીના ભાઈબહેનોએ સાફા અને પાઘડી પહેરી ઢોલીના તાલ ઉપર, ઉંમર ભૂલી જઈ દાદાની ભક્તિમાં ભાવ પૂર્વક જોડાયેલા. પાટણના રસ્તાઓ અને બજારોમાં સૌએ જાજરમાન શોભાયાત્રા નિહાળી. રાત્રે રાસ-ગરબા, હાઉઝી અને સંગીતમય રાત્રિ માણી. પાટણ પાંજરાપોળની મુલાકાત લઈ શેરીના ભાઈઓએ સ્વહસ્તે અબોલ પશુઓને ચારો આપેલ, તેમજ ગોળશેરીના ચબુતરે ચણનો જથ્થો આપી આ બન્ને સંસ્થાઓમાં જીવદયા પેઠે આર્થિક અનુદાન લખાવેલય. ભૂતકાળને વડિલોએ વાગોળ્યો. યુવાનોએ વર્તમાનને માણ્યો, ફરી પાછા વહેલાસર માત્ર શેરી નહીં પણ પાંચેય શેરીઓની સાથે આખા ફોફલિયાવાડા સાથે મહોત્સવ મનાવવામાં મનોરથો સાથે છૂટા પડ્યા.

**❑ શ્રી મલાડ કાંદિવલી પાટણ જૈન મંડળ** દ્વારા રવિવાર, તા. ૨૫ નવેમ્બર ૨૦૧૮ના **''દાની રીસોર્ટ''માં** પિકનિકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૨૫ થી અધિક અબાલ વૃદ્ધ સહુ જોડાયા હતા. સવારે લોઢાધામ તીર્થમાં દર્શન વંદન કરીને રીસોર્ટમાં નાસ્તાને ન્યાય આપી સહુ કોઈએ સ્વીમીંગપુલનો ભરપુર આનંદ માણ્યો. મોટાઓને પણ જુના દિવસો યાદ આવી ગયા.

બપોરના વિવિધ વાનગીનો રસાસ્વાદ માણ્યા બાદ મીટીંગ રાખેલ તેમા ધોરણ ૨ થી ૯માં વધુ માર્ક્સ મેળવેલ તેજસ્વી વિદ્યાર્થીઓનું, મોટી તપશ્ચર્યા કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પધારેલ દરેક સભ્યોએ ફાળો આપીને પ્રોગ્રામ સફળ બનાવવા માટે સારી મહેનત કરી હતી. છેલ્લે ચોવીહાર કરી સૌ કોઈ છૂટા પડ્યા હતા.

### ૪૫ વર્ષથી વધુ વયના મુરબ્બીઓની ક્રિકેટ મેચ

**શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે યોજાનાર ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચ રવિવાર, તા. ૨૪-૦૨-૨૦૧૯ના દિને સાંજે ૫.૦૦ વાગ્યાથી ૧૦.૦૦ વાગ્યા સુધી નાઈટ મેચરૂપે સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ, પરેલ, મુંબઈ ખાતે આયોજન કરેલ છે.**

**ભાગ લેવા ઈચ્છુક ખેલાડીએ રૂા. ૧૦૦/- રીફંડેબલ ડિપોઝીટ આપી પોતાનું પુરુ નામ, પાટણનો મહોલ્લો તથા મોબાઈ નં. તા. ૨૦-૦૨-૨૦૧૯ મંડળના મરીનડ્રાઈવ, ગોરેગામ તથા બોરીવલી ખાતેના કાર્યાલયના લખાવવાના રહેશે.**

**❑ સ્પોર્ટસ સમિતિ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.
Discover the magic of 1000 years old Patola......

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT



શ્રી અજીતનાથાય નમઃ **માતૃભ્યો નમઃ** શ્રી મહાવીરાય નમઃ
**અમારે ત્યાં ઝયણાપૂર્વક વ્યાજબી દરે હોમ મેડ ખાખરા, પાપડ, સાલમ પાક, કાળા તલનું કચરીયું, ચોખ્ખુ ઘી, આથેલા લીંબુ મરચા, વડી, લીલવાનો મુખવાસ, શીંગની ચટણી, દેવડા, ખંભાતનો સ્પેશિયલ ડ્રાયફ્રુટ હલવાસનના ઓર્ડર લેવામાં આવશે. મીનીમમ ૫ કિલોનો ઓર્ડર ફ્રી હોમ ડિલીવરી રહેશે.**
**સંપર્કઃ ભાવનાબેનઃ7977039332,કેતનભાઈઃ9930016073**
**પાટણઃ રાજકાવાડો (કેશુશેઠનો પાડો) મુંબઈઃ કાંદિવલી (વે).**
ADVT

## સાભાર સ્વીકાર

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૯,૦૦,૦૦૦/- શ્રી લક્ષ્મીચંદ ઝવેરી ફાઉન્ડેશન
હ. શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી (જાપાન)
(ખેતરપાળનો પાડો)

**વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ**

૫,૦૦,૦૦૦/- શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
હ. શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી હિતેશભાઈ સોભાગચંદ શાહ (તંબોલીવાડો)
સ્વ. શ્રીમતી રમીલાબેન મહાસુખલાલ શાહના સ્મરણાર્થે

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર
(ચિતારાની ખડકી)

૩૧,૦૦૦/- શ્રી ભાભા પાર્શ્વનાથ જૈન દેરાસર એન્ડ
વિમલગચ્છ આરાધક ટ્રસ્ટ

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૩૧,૦૦૦/- શ્રી ભાભા પાર્શ્વનાથ જૈન દેરાસર એન્ડ
વિમલગચ્છ આરાધક ટ્રસ્ટ

**દવા સહાય ભટે**

૨૧,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૮,૦૦૦/- શ્રી ભારત જૈન મહા મંડળ
૫,૨૫૧/- શ્રી સાગરમલ બી. જૈન
૫,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન રાકેશભાઈ જૈન

## સિદ્ધહેમ જ્ઞાનપીઠ

પાટણની ધન્ય ધરા ઉપર ગોળશેરી મધ્યે **સિદ્ધહેમ જ્ઞાનપીઠ** નામની શ્રુતજ્ઞાન પીરસનારી એક પરબ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ચાલી રહેલ છે. જેમાં તત્વજિજ્ઞાસુ, તત્વપિપાસુ સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકાજી, મુમુક્ષુ ભાઈ-બહેનો પ્રકરણ ભાષ્ય, કર્મગ્રન્થ, તત્વાર્થ, કમ્મપયડી, સંસ્કૃતની ૧લી - ૨જી બુક, સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણ - યોગના ગ્રન્થો, ત્રિષષ્ટિ શલાકા ચરિત્ર વિગેરે અનેક ગ્રન્થોનું પઠન-પાઠન કરી રહેલ છે.

ચાલુ સાલે તા. ૧૩-૧-૨૦૧૯ પોષ સુદ ૭ ના રોજ મુંબઈ એજ્યુકેશન બોર્ડની પરીક્ષા લેવામાં આવેલ, તેમાં સિદ્ધહેમ - જ્ઞાનપીઠના ૨૮ વિદ્યાર્થીઓએ ધોરણ ૯, ૧૦, ૧૭, ૧૮, ૨૪, ૨૫, ૨૯, ૩૦ નંબરના ધોરણમાં ઉચ્ચત્તમ અભ્યાસની પરીક્ષા આપેલ, જે અનુમોદનાનો વિષય છે.

જ્ઞાનપીઠ જ્ઞાન વિકાસ અંગે સતત પ્રયત્નશીલ છે અને વધુમાં વધુ અભ્યાસકો સંસ્થાનો લાભ લે તેવો પુરુષાર્થ ચાલી રહેલ છે.

❑ **સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ**


SEVA • KNOWLEDGE • ECONOMIC EMPOWERMENT JITO

JITO MUMBAI ZONE

તમારા વ્યાપારમાં ઉન્નતિના નવા શિખર સર કરવા છે ?
વ્યાપાર ની નવી તક ઝડપવી છે ?
તો ભારતના જૈન સમાજના સૌથી મોટા
"બી ટૂ બી" કોનક્લેવ માં ભાગ લો

JITO UDAAN

૧૬-૧૭ માર્ચ, ૨૦૧૯
નેસ્કો-ગોરેગાંવ, મુંબઈ
વધુ માહિતી માટે મીસ કોલ આપો ૭૮૪૦૦૧૫૧૫૧

"બી ટૂ બી"
સફળ વેપારીઓ ને મળવાની અને બીઝનેસ ડીલ કરવાની તક (૫૦૦ સ્ટોલ)

જોબ પેવેલિયન
યંગસ્ટર ને જોબ મેળવવાની તક તથા તમારી કંપની માટે જૈન સ્ટાફ મેળવવાની તક

સ્ટાર્ટઅપ પેવેલિયન
યુવાનો માટે બીઝનેસના મૉડર્ન આઈડિયા શો કરવાની અને ફંડ મેળવવાની તક

બી ટૂ સી પેવેલિયન
ગૃહ ઉદ્યોગ કરતી વ્યક્તિ માટે ખાસ પેવેલિયન

સેમિનાર / કોન્ફરન્સ
સફળ બિઝનેસમેન દ્વારા બીઝનેસ સંબધી માર્ગદર્શન

સ્ટોલ બુક કરવા સંપર્ક
+91 7304854345 | +91 7304801208 udaanstallbooking@gmail.com

ADVT

## અભિનંદન

કનાસાના પાડાના હાલ સાંતાક્રુઝના રહેવાસી શ્રીમતી કનીકાબેન તથા શ્રી કુનાલભાઈ પંકજભાઈ ગુલાબચંદ શાહના સુપુત્રી **ચિ. રૂહીએ** કરાટેમાં તાજેતરમાં **ફસ્ટ ડીગ્રી બ્લેક બેલ્ટ** મેળવી પરિવારનું નામ રોશન કરેલ છે તે બદલ અભિનંદન.

**Nishtha Maniar** Age 15, Daughter of Smt. Neelima & Shri Chintan Pravinbhai Maniar of Chowdhri ni Sheri (Juhu, Mumbai), recently won a prestigious award from **Crosswords Bookstores.** Nishtha Studies in Jasudben M. L. School at Khar. Crosswords Bookstores recently, had a competition wherein they were looking for young budding writers to script stories.

Over 10,000 Submissions had come in from Schools from all over Mumbai. The stories were screened by an esteemed panel and **only 39 stories were selected.**

**Nishtha** was one of the selected writers and her story was captured in the book titled **'I want to be an Author'**

Patan Jain Mandal congratulates Nishtha Maniar and wishes her great success in future.

## પાટણનું ગૌરવ




મહારાષ્ટ્ર રાજ્યની પ્રેસફીટ બેડમીન્ટન માસ્ટર્સ કપ ૨૦૧૯ની વુમન્સ ડબલ્સ ફાઈનલની ૩૫ વર્ષથી ઉપરના વયજૂથની સ્પર્ધામાં પાટણ ઝવેરીવાડાના **શ્રીમતી અર્પિતાબેન પરાગભાઈ ગિરધરલાલ ઝવેરી** ઉં. ૫૫ વર્ષ (કેમ્પ્સ કોર્નર). તેમના જોડીદાર **ઉર્વશી થાપા સાથે** રનર્સઅપ વિજયી થઈ સમાજની સ્ત્રીઓને તેમજ પાટણ સમાજને ગૌરવ અપાવ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

**ટાટા મુંબઈ મેરેથોન :-** મુંબઈ ખાતે તા. ૨૦-૦૧-૨૦૧૯ના યોજાયેલ ૪૨ કિ.મીની ફુલ મેરેથોન, ૨૧ કિ.મી.ની હાફ મેરેથોન, સિનિયર સિટીઝનો, દિવ્યાંગ તથા ડ્રીમ રનનું ટાટા કંપની દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં સમાજના કેટલાક ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. તેઓના નામો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવાનું નક્કી કરાયેલ છે તો તે ખેલાડીઓએ પોતાનું પુરુ નામ, ઉંમર, મોહલ્લો વગેરે વિગતો તા. ૧૨-૨-૨૦૧૯ સુધીમાં મુખ્ય કાર્યાલય ખાતે મોકલવા વિનંતી. **સંપાદક સમિતિ**

**CHETAN SHAH**
For Transfer Of Physical Shares to Demat.
Transmission / Transposition Of Shares
Getting Duplicate Share Certificate for Lost Certificate Any Other Matter Related to Shares.
**Contact:**
Mob. No. 7303265590, Tel. 022-66108465
ADVT

**MATRIMONIAL**
*NAME* : RONIL PIYUSHBHAI SHAH
*Parents* : Priti Piyushbhai Jashvantlal Shah
*DOB* : 18th April 1992, Mumbai,
*Hieight* : 5'7" *Native Place* : Patan
*Qualification* : C.A.
*Professional* : Service
*Moho.* : Marfatia Mehatano Pado
*Resi* : Kandivali (W), Mumbai - 67
*Mobile* : Priti - 9930930443, Ronil - 9930793905
ADVT

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | નિર્મળાબેન ફતેહચંદભાઈ શાહ | ૮૮ | સી.પી.ટેન્ક | ૧૮-૧૨-૧૮ | માગસર સુદ ૧૦ |
| | ખજૂરીનો પાડો | સુશીલાબેન વરજીવનદાસ શાહ | ૮૯ | વિલેપાર્લા | ૨૪-૧૨-૧૮ | માહલપ વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | કાંતાબેન નાનકચંદ શાહ | ૮૫ | બોરીવલી | ૨૮-૧૨-૧૮ | માગસર વદ ૦૭ |
| વિશા શ્રીમાળી | શાહનો પાડો | અનીલભાઈ મફતલાલ શાહ | ૬૪ | વિલેપાર્લા | ૦૧-૦૧-૧૯ | માગસર વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | હસુમતીબેન જશવંતલાલ (બાબુભાઈ) દેવડાવાળા | ૮૭ | નેપિયન્સી રોડ | ૦૫-૦૧-૧૯ | માગસર વદ ૩૦ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | નિલેશભાઈ વિનુભાઈ શાહ(દેવડાવાળા) | ૪૯ | બ્રીચકેન્ડી | ૧૩-૦૧-૧૯ | પોષ સુદ ૦૭ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB • January 2019 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ યોજીત સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ કમિટિ દ્વારા ગત વર્ષે પ્રથમ જ વિશાળ ફલક ઉપર યોજાયેલ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટના આયોજનથી પ્રેરાઈ ચાલુ વર્ષે પણ સોમીરા પાટણ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું જાન્યુઆરી - ફેબ્રુઆરી દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે, જેમાં કુલ ૭ ટીમોએ ભાગ લીધેલ છે.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા સમાજમાંથી લગભગ ૧૭૦ ખેલાડીઓએ નામો નોંધાવેલ જે પૈકી દરેક ટીમને બે આઈકોન પ્લેયર્સ તતા ૧૪ અન્ય ખેલાડીઓની ઓક્સન દ્વારા પસંદગી કરાયેલ.

આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારોહનું રવિવાર તા. ૧૩-૦૧-૨૦૧૯ના સવારે ૯.૦૦ કલાકે સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ, મહાલક્ષ્મી ખાતે આયોજન કરાયેલ, તે સમયે મંડળના હોદ્દેદારો, ટીમ ઓનર્સો, ખેલાડીઓ તથા સમિતિના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ડિસેમ્બર માસમાં છપાયેલ SPPLના સેડ્યુલ મુજબ દરેક ટીમો વચ્ચેની મેચો યોજાશે તેમાંથી વિજેતા ચાર ટીમો વચ્ચે તા. ૨૪-૨-૨૦૧૯માં દિને સેમી ફાઈનલ તથા તા. ૨-૩-૨૦૧૯ના બે ટીમો વચ્ચે ફાઈનલ મેચનું આયોજન હાથ ધરવામાં આવશે. જેની વિગતો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.



દિપ પ્રાગટ્ય કરતા હોદ્દેદારો અને સ્પોન્સર્સ

આ પ્રસંગે સર્વેને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

સમગ્ર ટુર્નામેન્ટનો BAY Side ની વેબ સાઈટ પરથી જીવંત પ્રસારણ થઈ રહેલ છે.

❑ સ્પોર્ટસ સમિતિ



પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત હોદ્દેદારો, સ્પોન્સરો તથા ખેલાડીઓ

**Tentative Programs for the Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | College | Sat | 16 Feb. | Maha S 11 | 12.39 am | Patan | Opening Ceremony |
| 2. | Sports | Sun | 24 Feb. | Maha V 6 | -- | Mumbai | Sr. Citizen Match |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,